HGH INDIA® 2022
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
July 12-15, 2022
INDIA EXPO CENTRE, GREATER NOIDA, DELHI NCR

NEWS 2

A TEXZONE Event
www.hghindia.com

Where business feels at home!

# ઇનોવેશન્સ અનલિમિટેડ!

એક નહીં અનેક પ્રકારની નવીનતા! ઉત્પાદનો, ડિઝાઇનો, રંગો અને સામગ્રીઓમાં..... હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડિકોર, હોમ ફર્નિચર, એરિયા રગ્સ, ફ્લોર કવરિંગ્સ, હસ્તકળાઓ, આઉટડોર, હાઉસવેર, કૂકવેર, કિચનવેર અને ગિફ્ટ્સ જેવી તમામ કેટેગરીઓ..... HGH ઇન્ડિયા ૨૨, ૧૧મી એડિશનમાં કેટલીક નવી વિભાવનાઓ બહાર આવશે, જે વ્યવસાયને નવી દિશા આપશે.

હોમ ફેશન ટ્રેન્ડ્સની સાથે અગ્રણી ડિઝાઇનરો, નિકાસકારો, આંતરરાષ્ટ્રીય સપ્લાયર્સ અને અગ્રણી ઉત્પાદન કેન્દ્રોમાંથી અતિ કુશળ ઉત્પાદકો પર ધ્યાન કેન્દ્રિત કરવાની HGH ઇન્ડિયા ૨૨ નવા સ્તોત્રો અને નવી સામગ્રીઓ માટે સંશોધનની સફરની ખાતરી આપશે.

૧૦૦થી વધારે નવા પ્રદર્શકો HGH ઇન્ડિયામાં પહેલી વાર રેન્જ પ્રદર્શિત કરશે તેમજ ૩૦૦ નિયમિત પ્રદર્શકો આગામી દિવાળી અને તહેવારની સિઝન માટે તેમનું નવું કલેક્શન પ્રસ્તુત કરશે, મુલાકાતીઓ ખરીદીમાં ઇનોવેશન અને સ્થિરતાના સારા સમન્વયનો અનુભવ આપશે.

અગ્રણી ફર્નિશિંગ ફેબ્રિક્સ અને હોમ ટેક્સટાઇલ બ્રાન્ડ્સે સ્થાપિત ડિઝાઇનરો સાથે જોડાણ કર્યું છે અથવા સ્થાપિત આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ પાસેથી લાઇસન્સ મેળવ્યું હતું. રુમર્સ સાથે સુનીત વર્મા ડિકોર, એફ એન્ડ એફ સાથે રિતુ કુમાર, બિનાકા સાથે ન્યૂટિકા અને એક્સલ વોલપેપર્સ સાથે ટોઇલ ઇન્ડિન જેવા ભાગીદારો દ્વારા વિકસાવેલું કલેક્શન HGH ઇન્ડિયા ૨૨માં પ્રસ્તુત થશે. તેઓ તેમના સ્ટોર પ્રોફાઇલ માટે હોમ ટેક્સટાઇલ્સ, ફર્નિશિંગ અને ડિકોરની બ્રાન્ડ્સ અને આ પ્રકારનાં પ્રીમિયમ ડિઝાઇનર લેબલ્સ ઉમેરવા રિટેલર્સ માટે વિશિષ્ટ વ્યવસાયિક તક આપશે. ઉપરાંત રુમર્સ, એફ એન્ડ એફ, જય દુર્ગા, હરિત


Spinn Décor


Bellagio


United Ekta


Bohra Marketing


Excel Wallcoverings


Aadyam Handwoven

ઇન્ડસ્ટ્રીઝ, આશાદીપ ફર્નિશિંગ, માર્વિન લેધર્સ, ક્લાસિક લેમિટેક્સ અને ટોપલાઇન જેવી સુ-સ્થાપિત ફર્નિશિંગ ફેબ્રિક્સ, અપબોલ્સ્ટેરી, લેધર અને લેધરેટ્ટ કંપનીઓ રિટેલર્સને તેમનું નવું કલેક્શન્સ રજૂ કરશે. માર્શલ્સ, એક્સેલ હોમ ડિકોર અને વિઝડમ જેવા વોલપેપર બ્રાન્ડ્સ તેમની લેટેસ્ટ ઓફર પણ પ્રસ્તુત કરશે.

બેડ એન્ડ બાથ અને ડેકોરેટિવ ઉત્પાદનોમાં મુલાકાતીઓ નવી રેન્જ ખરીદવા સક્ષમ બનશે. બુટિક લિવિંગ, લેયર્સ, સ્પ્રેડ હોમ, પેનો, પ્રીમિયર ફાઇન લિનેન, કે જી લિનેન, બિનાકા, બેલાજિયો, બેલા કાસા, લકાસા વિવિધ ફેબ્રિક્સ, ફિનિશિસ, ડિઝાઇનો, પ્રિન્ટ અને સ્ટાઇલની અલગ રેન્જ લાવશે. ઓબ્સેશન્સ અને શ્રેનો જેવી બ્રાન્ડ્સ રગ્સ, બાથ એક્સેસરીઝ, બાથ મેટ્સ અને ડસ્ટ બિન્સની તેમની લેટેસ્ટ રેન્જ પ્રસ્તુત કરશે.

વીવ ક્રાફ્ટ, સુપ્રીમ ઇન્ડસ્ટ્રીઝ, સ્પ્રેડ હોમ, ક્રિસ્ટલ ફર્નિટેક, નોલારમ જેવી બ્રાન્ડ્સ પહેલી વાર આઉટડોર અને ઇન્ડોર ફર્નિચર, સ્મોલ ફર્નિચર્સ, કિડ્સ ફર્નિચર, ઘરગથ્થુ ઉપયોગીની ચીજવસ્તુઓની બહોળી રેન્જ પહેલી વાર પ્રસ્તુત કરશે, જેની હવે ઉપભોક્તાઓને સંપૂર્ણ ઓફર કરવા ફર્નિશિંગ રિટેલર્સની જરૂરિયાત વધી રહી છે.

કેટલાક ભારતીય આયાતકારો ઇનોવેટિવ વોલપેપર, બ્લાઇન્ડ્સ, વિન્ડો ઓટોમેશન, વોલ એન્ડ ટેબલ ડિકોર, આધુનિક લાઇફસ્ટાઇલ અને ડેકોરેટિવ એક્સેસરીઝ, વૂડન અને સિન્થેટિક ફ્લોર કવરિંગ્સ, બેડ એન્ડ બાથ લિનેન, વિવિધ દેશોમાંથી ડેકોરેટિવ મેડ-અપ્સ ઓફર કરશે.

ભારતની અંદરથી આધુનિક અને પરંપરાગત હોમ ટેક્સટાઇલ્સ, ડેકોરેટિવ ઉત્પાદનો તેમજ હસ્તકળાઓ, રગ્સ, અપહોલ્સ્ટેરેડ ફર્નિચર, કેન અને બામ્બૂ ઉત્પાદનો, મેટલ, વૂડ, સિરામિક, ગ્લાસ, કોઇર, જ્યુટ, રિસાયકલ કરેલી સામગ્રી તથા વિવિધ કુદરતી અને મેન-મેડ સામગ્રીઓની ડેકોરેટિવ એક્સેસરીઝ જોધપુર, જયપુર, મોરાદાબાદ, ફિરોઝાબાદ, ખુરજા, સહારનપુર, આગ્રા, ભદોહી, જમ્મુ અને કાશ્મીર તથા અન્ય વિવિધ વિશેષ કેન્દ્ર જેવા જાણીતા ઉત્પાદન કેન્દ્રો પ્રદર્શિત કરશે.

હાઉસવેર કેટેગરીમાં કેટલીક અગ્રણી બ્રાન્ડ્સ રિટેલ ટ્રેડ, સંસ્થાગત અને કોર્પોરેટ ગિફ્ટિંગ બજારો માટે તેમનું નવું કલેક્શન પ્રસ્તુત કરશે. ઉદાહરણ તરીકે, સ્ટોરેજ અને હાઉસવેરમાં સેલો, સિગ્નોરાવેર, રોક્સ, જેપી, એશિયન, ફ્રીલાન્સ, હેઅર્સ, પ્લાસેરો, પિપલ, હેરેવિન, બોન્જર, કૂકવેરમાં હૉકિન્સ, વિનોદ, યુનાઇટેડ એકતા, ભલારિયા, સ્ટૉલ, મહારાજા, ઓકે, મેયેર, કિચનવેરમાં ગ્રેસી, રત્ના, રેમ્સન્સ, ટેબલવેરમાં એફએનએસ, રેમ્સન, કોરેલ્લે, નેક્ટમેન, ક્લે ક્રાફ્ટ, લ્યુમિનાર્ક, પાસાબાહસે, આઇવીયો, સોનાકી, સુપરવેર અને ડાઇનવેલ તથા વિવિધ હાઉસવેર કેટેગરીઓમાં કેટલાંક અન્ય આયાતકારો, બ્રાન્ડ્સ, અને ઉત્પાદનો ભારતીય અને આંતરરાષ્ટ્રીય કલેક્શન્સ સાથે બહોળી ખરીદી કરવાના વિકલ્પો રજૂ કરશે.

સમગ્ર ભારત તેમજ અન્ય ૨૨ દેશોમાંથી ૫૦૦થી વધારે શહેરો અને નગરોમાંથી વિશિષ્ટ ઉત્પાદનોની ધારણામાં અને સ્પર્ધામાં આગળ રહેવાની જરૂરિયાત માટે હજારો રિટેલર્સ, વિતરકો, હોલસેલર્સ, ગિફ્ટ સપ્લાયર્સ, સંસ્થાગત અને ટ્રેડ ગ્રાહકોએ તેમની મુલાકાત માટે નોંધણી કરાવી છે તમે કરાવી?

ઇનોવેશન્સ ■ ટ્રેન્ડ્સ ■ ઉત્પાદનો ■ સોર્સિંસ ■ તકો

# ફર્નિશિંગ્સ વેર ડિઝાઇનર HGH ઇન્ડિયા ૨૨ માટે આતુર

ભારતના પ્રસિદ્ધ ફેશન ડિઝાઇનરો રિતુ કુમાર અને સુનીત વર્મા ઘરને જીવંત, હાઇ ફેશન કેટેગરીમાં પરિવર્તિત કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી રહ્યાં છે.

ફર્નિશિંગ ફેબ્રિક્સથી લઇને બેડ કવર, કુશનના કવર્સ, પડદાં, ટેબલ અને કિચન લિનેનથી ટેબલવેર અને સુશોભનની એક્સેસરીઝ સુધી દરેક બાબત પ્રસ્તુત થશે તેમજ સુસંકલિત કલર, ડિઝાઇન અને સામગ્રી રજૂ થશે, જે સંપૂર્ણ લિવિંગ રુમ, બેડ રૂમ કે ડાઇનિંગ રૂમને સંપૂર્ણ સુસંગત અને ડિઝાઇનર લૂક આપે છે.



ભારતીય ઉપભોક્તાઓ તેમની પસંદગીઓને વ્યક્ત કરવા વધારે વાકેફ થયા અને ચીવટ દાખવી રહ્યાં છે તેમજ તેમની સારી ડિઝાઇનો માટે સમજણ વધી છે એટલે તેમનો ફર્નિશિંગ ફેબ્રિક્સ, હોમ ટેક્સટાઇલ્સ, ડિકોરેટિવ એક્સેસરીઝ અને હાઉસવેર ઉત્પાદનો જેવા ઉત્પાદનોની ખરીદી કરવાનો તેમનો અભિગમ કામચલાઉ ખરીદીમાંથી તેમના ઘરોને સજાવવા તરફ વધ્યો છે. વિકસિત દેશોની જેમ ફેશન ડિઝાઇનરો આ તમામ ઉત્પાદનોને કામચલાઉ ચીજવસ્તુઓમાંથી ઘરના માલિકના વ્યક્તિત્વ અને પસંદગી અનુસાર સારી ડિઝાઇન ધરાવતી, સંકલિત અભિવ્યક્તમાં પરિવર્તિત કરવા વધુ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

HGH ઇન્ડિયા ૨૦૨૨માં આ દિશામાં સારી શરૂઆત જોવા મળશે, કારણ કે રિતુ કુમાર અને સુનીત વર્મા જેવા પ્રસિદ્ધ ફેશન ડિઝાઇનરો તેમની શરૂઆત કરશે. રિતુ કુમારે દિલ્હીની અગ્રણી હોમ ફર્નિશિંગ એન્ડ ડિકોર બ્રાન્ડ એફ એન્ડ એફ સાથે જોડાણ કર્યું છે. શરૂઆતમાં રિતુ કુમાર હોમ ફર્નિશિંગ ફેબ્રિક્સ, વોલ પેપર, બેડ કવર્સ, કુશન કવર્સ જેવા ડેકોરેટિવ મેડ-અપ્સ, કેન્ડલ સ્ટેન્ડ્સ જેવી ડેકોરેટિવ એક્સેસરીઝ, એરોમાથી લઇને ડિનરવેર, કટલરી, ગ્લાસવેર જેવા ટેબલવેર સુધી સંપૂર્ણપણે સંકલિત ડિઝાઇન કલેક્શન પ્રસ્તુત કરશે.....આ તમામ એકબીજામાં પૂરક છે. એફએન્ડએફની મજબૂત વિતરણ અને માર્કેટિંગની ક્ષમતા અને વાજબી કિંમત સાથે આ લોંચ હોમ કેટેગરીઓમાં ડિઝાઇનરો, વિવિધ બ્રાન્ડ અને રિટેલર્સ વચ્ચે જોડાણમાં પરિવર્તનનો પવન લાવશે.

સુનીત વર્મા બેંગાલુરુમાંથી રુમર્સ સાથે જોડાણમાં એક્સક્લૂઝિવ ડિઝાઇન અને નિર્મિત સુનીત વર્મા ડિકોર ફર્નિશિંગ ફેબ્રિક્સ કલેક્શન પ્રસ્તુત કરીને હોમ કેટેગરીમાં તેમની સફર શરૂ કરશે. રુમર વર્ટિકલ ઇન્ટિગ્રેટેડ પ્લાન્ટ સાથે તમામ રેષાઓમાં ઉચ્ચ ગુણવતાયુક્ત ફર્નિશિંગ ફેબ્રિક્સના ઉત્પાદન અને નિકાસમાં લાંબા ગાળાનો અનુભવ ધરાવે છે, જે એના માટે સૌથી વધુ જટિલ અને રચનાત્મક ડિઝાઇન બનાવવાનું શક્ય બનાવે છે. સુનીત વર્મા ડિકોર કલેક્શન ૧૨મી જુલાઇના રોજ સાંજે નેટવર્કિંગ કોકટેઇલ એન્ડ ડિનર દરમિયાન HGH ઇન્ડિયા દ્વારા આયોજિત ફેશન શો દ્વારા પ્રસ્તુત પણ થશે, જેમાં આમંત્રિત રિટેલર્સ જ સામેલ થઇ શકશે.

---

Indian heritage
HANDICRAFTS | KHADI | COIR | JUTE

## ઇન્ડિયન હેરિટેજ





ભારતીય હસ્તકળાઓ, હાથવણાટ, ખાદી, શણ, કોઇર, બામ્બૂ ક્ષેત્રો ડિઝાઇનરો, રિટેલર્સ, બ્રાન્ડ્સ માટે ખજાનો છે તથા દરેક હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડિકોર, રગ્સ, ફર્નિચર, હાઉસવેર અને ગિફ્ટ ઉત્પાદનોમાં વિશિષ્ટ ડિઝાઇનો અને સામગ્રી માટે આતુર છે. ભારતીય કલાકારો અને વણકરોની અખૂટ ક્ષમતા ઉપરોક્ત કેટેગરીઓમાં ભારતીય રિટેલર્સ દ્વારા પ્રસ્તુત થાય છે તથા તેમના સ્ટોર્સ માટે પ્રીમિયમ કલેક્શન્સ ઊભું કરવા મોટી તક પ્રદાન કરે છે.

HGH ઇન્ડિયાએ વર્ષ ૨૦૧૮થી બ્રાન્ડ ઇન્ડિયન હેરિટેજ અંતર્ગત આ સમૃદ્ધ સાંસ્કૃતિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપ્યું છે તથા ભારતીય કલાકારોને સમગ્ર ભારતમાં ૫૦૦થી વધારે શહેરો અને નગરોમાં રિટેલર્સ, ઇન્ટેરિઅર ડિઝાઇનર્સ અને સંસ્થાગત ગ્રાહકો સાથે જોડાવામાં મદદ કરી છે. ઇન્ડિયન હેરિટેજ જુદી જુદી કંપનીઓ, સંગઠનો, નિકાસ સંવર્ધન પરિષદો, સરકારી સંસ્થાઓ અને વિકાસ મંડળોમાંથી ભાગીદારી સાથે સંકળાયેલી છે. આ ઉત્પાદનોને થીમ પેવેલિયન અને ટ્રેન્ડ્સ પેવેલિયન મારફતે પ્રોત્સાહન આપવામાં આવે છે. ઉપરાંત HGH ઇન્ડિયા દ્વારા પ્રાયોજિત ઇન્ડિયન હેરિટેજ પેવેલિયનમાં કલાકારો લાકડાની કોતરણી, હેન્ડ પેઇન્ટિંગ, મેટલ એન્ગ્રેવિંગ, પોટેરી, ભરતકામ, જાજમના વણાટ જેવી તેમની કારીગરીની કુશળતાઓનું પ્રદર્શન કરશે, જે મુલાકાતીઓને આ કળાઓની બારીકતા અને સુંદરતા સમજવામાં મદદરૂપ થશે.

ટેક્સટાઇલ મંત્રાલય, એમએસએમઇ મંત્રાલય, ભારત સરકાર, ડેવલપમેન્ટ કમિશનર હેન્ડિક્રાફ્ટ્સ, ડેવલપમેન્ટ હેન્ડલૂમ અને ઇપીસીએચ, એનડીસી, એનઇસીટીએઆર, એનએચડીસી, ઇયુપીઇએ, આઇઆઇસીટી, એપીએચડીસી, નેશનલ જ્યુટ બોર્ડ અને કોઇર બોર્ડ જેવા સંગઠનો તેમના સભ્યો અને એસઇએમઇ દ્વારા ભારતીય સાંસ્કૃતિક વારસાની કળાઓને હસ્તકળાઓના છૂપાં ખજાનાને H G H ઇન્ડિયા ૨૨માં પ્રસ્તુત કરશે.

# રિતુ કુમાર અને એફએન્ડએફનું જોડાણ

### રિતુ કુમાર હોમના વિચારનો ઉદ્દેશ શું હતો?

રિતુ કુમાર ભારતીય ટેક્સટાઇલ્સને પુનઃચેતનવંતુ કરવા અને ભારતીય ટેક્સટાઇલ્સને પુનઃસ્થાપિત કરવા સમર્પિત છે. તેમની આ ભાવના ૫૦ વર્ષ અગાઉ બ્રાન્ડની શરૂઆતથી અત્યાર સુધી એની ઓળખ રહી છે. રિતુ કુમાર હોમની શરૂઆત તરફ દોરી જનાર વ્યક્તિવિશેષ લેબલે વર્ષ ૨૦૨૦માં પરંપરાગત ભારતીય ટેક્સટાઇલ્સ, આર્કિટેક્ચર અને છાપો પર આધુનિકતાની સફર શરૂ કરી હતી. તેમાં બેડ લિનેન, વોલપેપર્સ, ટેબલવેર અને હોમ ડિકોરની બહોળી રેન્જ સામેલ છે. આ સિઝનનું કલેક્શન વ્યક્તિના ઘરના સૌથી આરામદાયક ખૂણાઓ માટે વિવિધતાસભર અને આધુનિક પીસની પસંદગી ધરાવે છે તથા એના મૂળિયા ભારતીય કારીગરીમાં રહેલા છે.

### બ્રાન્ડની વિચારસરણી

રિતુ કમાર હોમ ઘરો માટે સુવિધાજનક ભવ્યતાને પરિભાષિત કરે છે, જે તેમની પોતાની સ્ટોરી કહેવા જેવું છે. વિન્ટેજ લેન્સ સાથે આ ઉનાળાના લાંબા દિવસો, શિયાળાની સૂમસામ રાતો, કલકત્તાની શેરીઓમાં બિનદાસ્ત થઈને લટાર મારવાના ભૂતકાળને તાજો કરે છે, જે ઘણી વાર વ્યક્તિને પ્રભાવશાળી વિક્ટોરિયા યુગને તાજો કરે છે. આ વ્યક્તિને ચોમાસાના ઝરઝર વરસાદ અને શાંત ખૂણાઓમાં સવારોની યાદ તાજી કરે છે, જે હવે ભાગ્યે જ જોવા મળે છે, પણ ઘણા લોકો એના માટે આતુર છે.

### જોડાણ

પ્રીમિયમ હોમ ટેક્સટાઇલ્સ એન્ડ ફર્નિશિંગ માટે અગ્રણી બ્રાન્ડ અને વિતરક એફએન્ડએફએ રિતુ કુમાર સાથે તેમના નવા સંબંધોની શરૂઆત કરી છે અને ઉચિત રીતે કહ્યું છે કે, "અમને ફર્નિશિંગ ફેબ્રિક્સ, વોલપેપર્સ, બેડિંગ અને ક્રોકરીની નવી રેન્જ પ્રસ્તુત કરવા પ્રસિદ્ધ ફેશન બ્રાન્ડ – રિતુ કુમાર સાથે જોડાણ કરવા પર ગર્વ છે. બે વર્ષથી વધારે ચર્ચા, વિચારો અને વિચારણા કર્યા પછી બંને બ્રાન્ડે હોમ ઇન્ટેરિઅર ઉત્પાદનોની શ્રેષ્ઠ રેન્જ બનાવવા જોડાણ કરવાનો અને કામ કરવાનો નિર્ણય લીધો હતો. તેનું પરિણામ છે – રિતુ કુમારની વિગતો પ્રત્યે સંપૂર્ણ ધ્યાન સાથે રચનાત્મક ડિઝાઇનની સમજણ તથા એફએન્ડએફની ભારતમાં વિતરણમાં વર્ષોની કુશળતા સાથે ટેકનિકલ પ્રોડક્ટની ઊંડી જાણકારીનો સમન્વય. આ જોડાણ સાથે બંને બ્રાન્ડનો ઉદ્દેશ પરંપરાગત ભારતીય સુંદરતાને નવજીવન આપવાનો અને વધારે વાજબી કિંમતો પર ભવ્ય ઇન્ટેરિઅર્સ માટે નવા ઉત્પાદનો બનાવવાનો છે."

રિતુ કુમારના વિચારથી એફએન્ડએફ સાથે જોડાણ બ્રાન્ડની પહોંચ વણખેડાયેલા વર્ગ સુધી પહોંચવામાં અને એની કામગીરી વધારવામાં મદદરૂપ થશે, તો બેડશીટ, અપહોલ્સ્ટેરી વગેરેની રેન્જ ઓફર કરશે.

### રિતુ કુમાર હોમ કલેક્શન્સ

દરેક કલેક્શન સ્વદેશી કળાના એક સ્વરૂપને સમર્પિત છે અને મોટા ભાગના કલેક્શન વિવિધ વિસ્તારોમાંથી પ્રેરિત છે, તો તેમાંથી કેટલાંક કલેક્શનમાં રેન્જને વધારે આધુનિક બનાવવા અલગ-અલગ કલેક્શનને મિશ્ર કરવામાં આવ્યાં છે. મ્યુઝિયમ ગુણવત્તા ધરાવતા ભારતીય ટેક્સટાઇલ્સમાંથી સંશોધિત અને પુનઃનિર્મિત રિતુ કુમાર હોમ કલેક્શન ઘણી પેઢીઓ સાથે સંબંધિત ટેક્સટાઇલ્સમાંથી પ્રેરિત છે. કાશ્મીરમાંથી જામાવર







શાલની પરંપરાથી લઈને નવાબના શહેર અને લખનૌની હવેલીની જાળીઓથી મસુલીપટનમની વિશિષ્ટ કળાઓ અને વેજીટેબલ પ્રિન્ટેડ કલામકરી સામેલ છે. કલામકરી એક એવી કળા છે, જે એના સ્ટાઇલિશ પ્લાન્ટ અને પ્રાણીઓની છાપ સાથે સદાબહાર છે. રાજસ્થાનના સાંગાનેર અને બાગરુ કળાનો સંગ્રહ ઊંડું સંશોધન ધરાવે છે તથા નવેસરથી પ્રસ્તુત થઈ છે.

રિતુ કુમાર હોમ એના ટેક્સચર્સ અને રંગો સાથે આનંદદાયક પણ છે, જેમાં તૂટેલા સફેદ પોર્સેલિના ઘણા ટોનથી લઈને મેરિગોલ્ડ યેલ્લો, ડસ્ટી રોઝ અને મેહેંદીથી મીનાકારી જ્વેલની છાંટ સામેલ છે. આ રંગો ગામઠી અને ઓર્ગેનિક એમ બંને છે તથા વનસ્પતિના રંગોથી પ્રેરિત છે.

રિતુ કુમાર હોમ દ્વારા ઉત્તમ કલેક્શન HGH ઇન્ડિયા ૨૨માં એફએન્ડએફ સાથે જોડાણમાં પ્રસ્તુત થશે, જે મુલાકાતીઓને સુશોભિત ટેપેસ્ટ્રીઝ અને ભરતકામ કરેલા લિનેન સાથે સજ્જ મુઘલ કક્ષો અને તંબૂઓની સફર પર લઈ જાય છે. ફૂલોના બુટા અને ભરતકામથી ચિત્રિત બેડ લિનેન્સ, રજાઈ અને ઓશિકા મુઘલ સુંદરતા અને બ્લોક પ્રિન્ટને તેમના સદીઓ જૂના સંરક્ષણથી પ્રેરિત છે. આ કલેક્શન ભવ્યતા અને સુવિધા દર્શાવે છે, જે સાટિન, વોઇલ અને ટેક્સચર્ડ કોટનના આલીશાન કપાસના મિશ્રણમાં બનાવવામાં આવ્યું છે.

ઉત્તમ કલેક્શનની સાચી સુંદરતા એ છે કે, જ્યારે ક્રોકરી, બેડિંગ, કુશન્સ અને ટેબલ લિનેન જેવી તમામ પ્રોડક્ટ કેટેગરીઓમાં ડિઝાઇનો રંગોનો પ્રવાહ સાતત્યપૂર્ણ છે, ત્યારે કોઈપણ વ્યક્તિ રિતુ કુમાર જેવા ડિઝાઇનર લેબલ માટે અતિ વાજબી કિંમતો પર સંપૂર્ણ સંકલિત કલેક્શન કે વ્યક્તિગત ચીજવસ્તુઓ માટે પસંદગી કરી શકે છે. આ વિકસતાં રિટેલર્સ માટે ડિઝાઇનર યુગમાં તેમના સ્ટોર્સને અપગ્રેડ કરવાની મોટી તક બની શકશે.



#### રિતુ કુમાર

## ભારતીય ફેશનના પથપ્રદર્શક

રિતુ કુમારે લેડી ઇર્વિન કોલેજમાંથી આર્ટ હિસ્ટ્રીના વિદ્યાર્થી તરીકે ૧૯૬૦ના દાયકામાં તેમની સફર શરૂ કરી હતી. જ્યારે કલકત્તામાં મ્યુઝિયોલોજીનો અભ્યાસ કરતાં હતા, ત્યારે તેમણે પશ્ચિમ બંગાળમાં એક નાનાં ગામ સિંગાપોરની મુલાકાત લીધી હતી. જ્યારે ત્યાં તેમણે હેન્ડ બ્લોક પ્રિન્ટર્સની એક નાની કોલોની શોધી હતી, ત્યારે તેમને જાણકારી મળી હતી કે, આ કારીગરો બેરોજગાર હતા. તેમણે ડિઝાઇનો આપવા નાનું ઉદ્યોગસાહસ શરૂ કર્યું હતું, જેના પર પ્રિન્ટર્સે કામગીરી શરૂ કરી હતી. આ પ્રયાસોનું પરિણામ સુંદર હેન્ડ-બ્લોક પ્રિન્ટેડ સાડીઓ સ્વરૂપે મળ્યું હતું. કોલકાતામાં એકથી બે પ્રદર્શનો પછી તેમની ડિઝાઇનોને ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિયતા મેળવવામાં બહુ સમય લાગ્યો નહોતો.

૧૯૯૦ના દાયકામાં ઉદારીકરણના યુગ દરમિયાન ભારતે પોતાનું અર્થતંત્ર દુનિયા માટે ખુલ્લું મૂકતાં રિતુ કુમાર મિસ ઇન્ડિયાના વિજેતાઓ માટે અધિકૃત ડિઝાઇનર તરીકે બોર્ડ પર આવ્યાં હતાં. આ મુખ્ય માર્ગ હતો, જેમાં ભારતે આંતરરાષ્ટ્રીય બ્યૂટી અને ફેશનના મંચ પર એના આગમનનો દાવો કર્યો હતો.

ભારતના સૌથી મોટા અને સૌથી સન્માનિત ડિઝાઇનર તરીકે દુનિયાભરમાં મશહૂર રિતુ કુમાર ભારતના ચોથા સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મશ્રીના વિજેતા છે, જે તેમને વર્ષ ૨૦૧૩માં ફેશન, ટેક્સટાઇલ અને કારીગરીના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ અને વિશિષ્ટ સેવા બદલ એનાયત થયો હતો. અન્ય એક પ્રતિષ્ઠિત સન્માન તેમને ફ્રાંસની સરકારે તેના પ્રતિષ્ઠિત સન્માન વર્ષ ૨૦૦૮માં શેવેલિયર દા આર્ટ્સ એટ દા લેટર્સ એનાયત કર્યું હતું. અત્યારે રિતુ કુમાર એક બિઝનેસ સામ્રાજ્ય ધરાવે છે, જે દુનિયાભરમાં પથરાયેલું છે. પોતાના અંગત સમયમાં શોખીન ચિત્રકાર રિતુ કુમાર ટેક્સટાઇલના ઇતિહાસ જોવાજાણવા પ્રવાસ કરે છે, જે તેમના કલેક્શનને પ્રેરિત કરે છે.

# સુનીત વર્મા અને રુમર્સ હોમ સ્પેસમાં એકસાથે

દાયકાઓ સુધી ટેક્સટાઇલ્સ અને ભરતકામ સાથે કામ કરવાથી લઈને હવે આધુનિક હોમ ટેક્સટાઇલ્સ બનાવતા સુનીત વર્માની ડિઝાઇન ફિલોસોફીએ એક સંપૂર્ણ ચક્ર પૂર્ણ કર્યું છે. તેમણે HGH ઇન્ડિયાની ટીમને એક્સક્લૂઝિવ ઇન્ટરવ્યૂમાં જણાવ્યું કે, "સારી ડિઝાઇન સાર્વત્રિક છે અને સદાબહાર હોય છે." આ ઇન્ટરવ્યૂમાં તેમણે હોમ સ્પેસમાં તેમના પ્રવેશ, અગ્રણી ફર્નિશિંગ બ્રાન્ડ રુમર્સ સાથે તેમના નવા જોડાણ અને રુમર્સ સાથે જોડાણમાં તેમના ડિઝાઇનર કલેક્શન માટે લોંચ પ્લેટફોર્મ તરીકે HGH ઇન્ડિયા વિશે તેમના અભિપ્રાયો આપ્યાં છે. આ ઇન્ટરવ્યૂનો સારઃ





**તમે હોમ સ્પેસમાં પ્રવેશ શા માટે કર્યો?**

મેં હોમ સ્પેસમાં પ્રવેશ કર્યો, કારણ કે મને હંમેશા ઇન્ટેરિઅર્સમાં રસ છે અને મારો પ્રથમ પ્રેમ સુંદર ટેક્સટાઇલ્સ છે. એટલે જો સુંદર ટેક્સટાઇલ્સ માટે મારા પ્રેમ અને આકર્ષક જગ્યાઓનો સમન્વય કરું, તો આ મારાં માટે એક સાહસ છે અને અતિ રોમાંચક છે.

**તમારું રુમર્સની ટીમ સાથે જોડાણ**

મને એસેન્ટ ડિકોર સાથે જોડાણ કરવાનો રોમાંચ છે, કારણ કે તેઓ દીર્ઘદ્રષ્ટા, વ્યવસાયિક છે, ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરે બહોળી પહોંચ ધરાવે છે અને મને ખરેખર તેમની સાથે કામ કરવાની મજા આવશે – એક યુવાન ટીમ સાથે જોડાણ કરવાનો રોમાંચ છે.

**HGH ઇન્ડિયામાં તમારી ભાગીદારી**

HGH ઇન્ડિયા દેશમાં શ્રેષ્ઠ ટેક્સટાઇલ્સ ફેર પૈકીનો એક છે અને આ બહુ રોમાંચક છે તથા તેમાં સામેલ થવું મારા માટે ગર્વની વાત છે. તેઓ કસ્ટમર પ્રોફાઇલની દ્રષ્ટિએ ઉત્કૃષ્ટ પહોંચ ધરાવે છે, હજારો લોકો મુલાકાત લે છે – ટોચના રિટેલર્સથી લઈને નાનાં શહેરોના લોકો....બેસ્ટ લોકેટેડ સ્ટોર્સથી લઈને હોલસેલર્સ. આ ફેર મારફતે તમે વિવિધ પ્રકારના લોકોને મળી શકો છો અને આ જોડાણ શરૂ કરવા અમારા માટે આ આદર્શ મંચ છે.

**તમારી નવી રેન્જ અને રુમર્સ સાથે જોડાણમાંથી ક્લાયન્ટ શું અપેક્ષા રાખી શકે?**

રુમર્સ માટે ફોરેવર-મોર હોમ ફર્નિશિંગ કલેક્શન ભવ્ય છે તથા નવવધૂની સાધનસામગ્રી અને નવવધૂ ક્લાયન્ટ કેન્દ્રિત છે. આ ફ્રેન્ચ બેરોક ગાળા અને કોચર ટેક્સટાઇલ્સથી પ્રેરિત છે, જે ટેક્સચર, છાપ અને ઓર્નામેન્ટેશનમાં સમૃદ્ધ છે. કલર પેલેટ સોફ્ટ, પેસ્ટલ અને જૂની દુનિયા સાથે સંબંધિત છે. ફોરેવરમોર ફીલિંગ એની સદાબહાર આકર્ષકતા અને રોમેન્ટિસિઝમમાંથી આવે છે.

**રુમર્સ માટે સુનીત વર્મા દ્વારા ટેરેન**

એક અર્બન હોમ કલેક્શન છે, જે જીવનના પંચતત્વોથી પ્રેરિત છે. કુદરતી ટેક્સચર્સ, શુદ્ધ જીવન અને આધુનિક સુંદરતા. કલર પેલેટ પ્રકૃતિથી પ્રેરિત છે અને પંચતત્વોનું સ્વાભાવિક સ્વરૂપ છે. પેટર્ન્સ, ટેક્સચર અને ભરતકામ આ સ્વરૂપોમાં પૂરક છે.

**ભવિષ્યની યોજના અને લાંબા ગાળાના લક્ષ્યાંકો**

ભવિષ્યની યોજના એસેન્ટ ડિકોર સાથે ઉત્કૃષ્ટ બ્રાન્ડ બનાવવાની છે, જે ટેક્સટાઇલની સાથે કુશન કવર્સ, અપહોલ્સ્ટેરી, ડ્રેપરી  માટે મેડ-અપ્સ પણ છે તથા આ અનંત સેગમેન્ટ છે, જેમાં તમે વિકસી શકો છો અને પછી ભારતની અંદર, આંતરરાષ્ટ્રીય સ્તરે રેન્જ દર્શાવી શકે છો તેમજ ઉત્કૃષ્ટ પીસ અને મોટો વ્યવસાય કરી શકો છો.

## સુનીત વર્માઃ ડિઝાઇન માટે ઝનૂન

ભારતના પ્રસિદ્ધ ફેશન ડિઝાઇનરો પૈકીના એક સુનીત વર્મા એવું નામ છે, જે ગ્લેમર અને સદાબહાર સ્ટાઇલનો પર્યાય છે. ૧૯૮૬માં યુરોપમાં ડિગ્રી મેળવ્યા પછી તેઓ પેરિસમાં પ્રસિદ્ધ ફેશન ડિઝાઇનર વાયવીસ સેન્ટ લોરેન્ટ સાથે કામ કરવા ગયા હતા. ઉત્કૃષ્ટ કળાકારીગરી, ડિઝાઇનની સારી સમજણ અને સંશોધન માટે સતત પ્રેમ સાથે વર્મા બ્રાન્ડ આજની મહિલાઓ માટે ફેન્ટસી, સેક્સી સોફિસ્ટિફિકેશન અને સંપૂર્ણ નારીવાદને પ્રદર્શિત કરે છે.

દુનિયાની કેટલીક મજબૂત બ્રાન્ડ સાથે જોડાણ તેમને એક એવા ડિઝાઇનર બનાવે છે, જેઓ એકથી વધારે પ્રકારની ફેશનથી પરિચિત છે. જ્વેલરી ધરાવતી હેન્ડબેગ માટે વિશ્વની સૌથી પ્રસિદ્ધ બ્રાન્ડ જુડિથ લાઇબર સાથે એકમાત્ર આંતરરાષ્ટ્રીય ડિઝાઇનર સુનીતને દુનિયાભરમાં મોટી સફળતા અને પ્રશંસા મળી છે. 'સુનીત વર્મા ફોર જુડિથ લાઇબર' મનોડિઅર્સનું રિટેલ વેચાણ અત્યારે લોસ એન્જિલસ, મિઆમી, પેરિસ અને ટોક્યો, લંડનમાં હેરોડ્સ અને ન્યૂયોર્કમાં બર્ગડોર્ફ ગોડમેનની સાથે દુનિયાભરમાં જુડિથ બુટિકમાં થાય છે. દરેક સિઝનમાં તેમનું કલેક્શન પેરિસમાં વેન્ડોમ ફેરમાં જાહેર થાય છે. તેમની સિગ્નેચર બેગ્સ સેક્સ એન્ડ ધ સિટી સ્ટાર સારા જેસિકા પાર્કર અને હોલીવૂડ દિવાઓ મારિયા કેરી અને જેનિફર લોપેઝ ધરાવે છે. તેમની ડિઝાઇનો બોલીવૂડમાં ઐશ્વર્યા રાય, પ્રિયંકા ચોપરા, કંગના રનૌત અને પ્રીતિ ઝિંટા જેવી ટોચની અભિનેત્રીઓમાં લોકપ્રિય છે તથા આંતરરાષ્ટ્રીય અને ભારતીય રેડ કાર્પેટ પર જોવા મળે છે.



વર્ષ ૨૦૦૭થી બીએમડબલ્યુ મોટર્સ સાથે જોડાયેલા સુનીત બીએમડબલ્યુની તમામ ઇવેન્ટ, કાર લોંચ અને બીએમડબલ્યુ ફાઇન્ડેશન પ્રોજેક્ટનું સંચાલન કરે છે. "ફેશન એપ્રિસિએશન" ઇવનિંગની નવી પ્રોપર્ટી સાથે તેઓ અત્યારે બીએમડબલ્યુ સાથે ભારતમાં ૧૫ શહેરના પ્રવાસ પર છે અને બ્રાન્ડ માટે સતત નવા વિચારો વિકસાવે છે. ગત દાયકામાં સુનીત વર્માએ ક્લોથિંગ અને ઇન્ટેરિઅર પ્રોજેક્ટમાં સ્વેરોવ્સ્કીમાં આંતરરાષ્ટ્રીય ડિઝાઇનરો સાથે કામ કર્યું છે.

દિલ્હી અને મુંબઈમાં એક્સક્લૂઝિવ રિટેલિંગ થતા સુનીત વર્માનું કલેકશન દિલ્હી, મુંબઇ, દુબઈ, ચેન્નાઇ, બેંગલોર અને ચંદીગઢમાં વિવિધ મલ્ટિ-ડિઝાઇનર સ્ટોર્સમાં પણ જોવા મળે છે. તેમને દાવોસમાં વ્યવસાયિક સમુદાયો સમક્ષ તેમનું કલેક્શન પ્રસ્તુત કરવા ધ વર્લ્ડ ઇકોનોમિક ફોરમે આમંત્રણ પણ આપ્યું હતું.

ભારત અને દુનિયામાં પોતાના બારીક અને સુંદર કાર્ય બદલ પ્રશંસા મેળવનાર સુનીતને એનવાયસીમાં બોલીવૂડ ફેશન કાઉન્સિલ દ્વારા કેટલીક વાર ડિઝાઇન ઓફ ધ યર એવોર્ડ એનાયત થયો છે. કન્સલ્ટન્ટ ડિઝાઇનર તરીકે સુનીત યુરોપ અને અમેરિકામાં ડિઝાઇન હાઉસો માટે ડિઝાઇનો પણ વિકસાવે છે, જેમાં ડોના કરન, કેલ્વિન ક્લીએન, કેલિફોર્નિયા હેરેરા અને નિકોલ મિલર સામેલ છે. તેમણે બનાવેલી બેગ્સ અને સ્કાર્વ્સ જેવી એક્સસરીઝનું વેચાણ એનવાયસી અને દુનિયાભરમાં મેટ્રોપોલિટન મ્યુઝિયમ ગિફ્ટ શોપમાં થાય છે.

ડિઝાઇનરને વર્ષ ૨૦૦૫માં મિલાન અને રોમમાં તેમનું કલેક્શન પ્રસ્તુત કરવા આમંત્રણ મળ્યું હતું. તેમણે લંડન, પેરિસ, ન્યૂયોર્ક, હોંગકોંગ, ઇન્ડોનેશિયા, બર્લિન અને લોસ એન્જિલસમાં શો કર્યા છે. સુનીતને ટેક્સટાઇલ ક્ષેત્ર સાથે કામ કરવા તથા બનારસ અને દક્ષિણ ભારતની હાથવણાટ પરંપરાને નવજીવન આપવા ભારત સરકારે કેટલીક વાર કામગીરી સોંપી છે.